# આપનું સપ્તાહ કેવું જશે?

તા.૨૧/૦૯/૨૦૨૬ થી તા.૨૭/૦૯/૨૦૨૬ સુધી

લેખક: જ્યોતિષાચાર્ય હંસરાજ મો. નં.: 9825726442
E-mail : bharatjyotish03@yahoo.co.in

**મેષ (અ,લ,ઈ):-** આવક વધવાથી વીક ઉત્સાહજનક પસાર થાય. નવા રોકાણ થાય. નોકરીમાં નવી તક ઊભી થાય. સામાજીક જીવનમાં નવા સંબંધો બને. નવી નોકરીની તક ઊભી થાય. મોજશોખના ધંધામાં આવક વધશે. સરકારી નોકરીમાં નવી જવાબદારી આવે. પરીક્ષામાં સફળતા મળે. મિત્રો સાથે નવા પ્રોજેક્ટમાં કામથી નવું શીખવા મળે. પ્રેમમાં ગેરસમજ થાય. શેરબજારમાં નવા રોકાણ થાય. વિદેશ પ્રવાસનાં કામમાં કાયદાકીય મદદ મળે. પ્રવાસમાં સાવધાન રહેવું.

**વૃષભ (બ,વ,ઊ):-** સપ્તાહ તમારી મહેનતનું ફળ આપનાર રહેશે. ઘરમાં કોઈને સફળતા મળે. શુભ કાર્યમાં ખર્ચા વધે. ઈન્ટરવ્યુના હકારાત્મક પરિણામ આવે. આર્થિક બાબતે પ્રગતિથી નવા રોકાણ થાય. આયાત-નિકાસ તથા ઉચ્ચ શિક્ષણને લગતાં કામ થાય. સરકારી નોકરીયાતે લાલચથી બચવુ. મોજ-શોખના ધંધામાં આવક વધશે. સંતાનોના કેરીયરમાં મિત્રોની મદદ મળે. નવાં રોકાણથી લાભ થાય. પ્રેમમાં સામાન્ય રહે. આવક વધે.

**મિથુન (ક,છ,ઘ):-** ચાલુ વીકમાં વીમાં એજન્સી વિલ-વાસાને લગતાં કામમાં સાવધાની રાખવી. વિશ્વાસ ઘાત થઈ શકે છે. ગુપ્ત વિદ્યા-અધ્યાત્મ મંત્ર-તંત્ર વગેરેમાં રસ રાખનારને અલૌકિક અનુભવ થઈ શકે છે. સહકર્મીઓનો સાથ મળે. તેમજ યોગ્ય સલાહ અને બૌદ્ધિક લોકોની મુલાકાત અને ટીમ વર્કથી નવું શીખવા મળે. પારીવારિક સંબંધો મજબૂત બને. પ્રોપર્ટીને લગતા રોકાણ થાય. ધંધામાં નવા સોદા પાર પડે. નોકરીમાં પ્રમોશન કે પગાર વધારો થઈ શકે.

**કર્ક (ડ,હ):-** સપ્તાહ દરમિયાન ઘર-પરિવારમાં ઉત્સાહજનક ખુશીના પ્રસંગનું આયોજન થાય. નાના સભ્યોના કાર્યમાં સફળતા મળે. ઉંમરલાયકને યોગ્ય પાત્ર મળે. પ્રેમ વિવાહનો ઓફર આવે. કોર્ટ-કચેરીમાં ધીરજ રાખવી. બીજાને મદદ કરતાં લાગણી પર કાબૂ રાખવો. આગ, અકસ્માત, પાણી, ચોર-લૂંટારુથી સાવધાન રહેવું. સરકારી યોજનાનો લાભ મળે. લાંબા અંતરની યાત્રા થાય. ધાર્મિક પ્રવાસ, સાહિત્યને લગતાં કામમાં આવક વધશે.

**સિંહ (મ,ટ):-** ચાલુ વીકમાં આર્થિક વ્યવહાર, બેંક, તેમજ ઉધાર-લેવા-દેવા બાબતે સાવધાની રાખવી પડશે. અચાનક વડીલોના આરોગ્યને લગતાં ખર્ચા આવી શકે છે. નોકરીમાં નવી જવાબદારી મળે. હરીફોની પીછેહઠ થાય. સરકારી કામમાં મદદ મળે. સમાજ અને કુટુંબ જીવનમાં તાલમેળ રાખવો પડશે. દાંપત્યમાં અશાંતિ રહે. રોજના કામ-ધંધા વગેરેમાં પ્રગતિ અને આવક વધે. ખાવા-પીવા બાબતે સંયમમાં રહેવું.

**કન્યા (પ,ઠ,ણ):-** ચાલુ વીકમાં સહકર્મી અને સંતાનોના કામમાં મદદરૂપ બનશો. મોજ-શોખ, પ્રવાસ, શિક્ષણ, શેરબજાર,ગારમેન્ટસ વગેરે કામમાં લાભ થાય. વિદ્યાર્થીઓને ભવિષ્યની યોજનાનો લાભ મળે. ઈન્ટરવ્યુ પરીક્ષામાં તક મળે. પ્રેમમાં ગેરસમજ થાય. નવા રોકાણમાં ધીરજ રાખવી. નોકરીમાં હરીફો અને વિજાતિય સહકર્મીઓથી સાવધાન રહેવું. અચાનક નવી તક મળે. પારીવારિક પ્રશ્નો હલ થાય. કોર્ટ કચેરીમાં પ્રગતિ થાય. આવક વધશે.

**તુલા (ર,ત):-** પોતાની જાતને સંતોષ પૂર્ણ આર્થિક સ્થિરતાનો અનુભવ કરાવનાર વીક રહેશે. પોતાના હાથ નીચે કામ કરનારને મદદરૂપ બનશો તેમજ પોતાના સ્વતંત્ર ધંધામાં નવી યોજનાનો અમલ કરી શકાય. માતા-પિતા તથા ભાઈ બહેનો સાથે સમાજીક સંબંધો મજબુત બને. મિત્રો સાથે વિવાદનો અંત આવે. વારસા, નવા ઘર અને જમીન, વાહનને લગતાં કામ થાય. નોકરી ધંધા માટે પ્રવાસ સફળ રહે. પ્રેમ સંબંધોમાં ગેરસમજ દૂર થાય. નવા રોકાણ થાય.

**વૃશ્ચિક (ન,ય):-** ચાલુ વીક બુદ્ધિ, કુશળતા, દૂરદર્શિતા અને આત્મવિશ્વાસથી પોતાનું લક્ષ્ય પૂરું કરી શકાય નાની- નાની વાતોનું ધ્યાન રાખવાથી કુટુંબના સામાજીક પ્રસંગ- સફળ બને. માન વધે. આર્થિક રોકાણમાં યોગ્ય માર્ગદર્શન મળે. બીજા સાથે વાણી-વ્યવહારમાં સંયમ રાખવો. દલાલી, મોજશોખના ધંધામાં આવક વધશે. પારીવારિક બાબતે લાગણીઓ પર કાબુ રાખવો. પ્રેમમાં એક બીજાનું માન રાખવું. વિદ્યાર્થીઓને નવી તક મળે.

**ધન (ભ,ધ,ફ,ઢ):-** તમારી શારીરિક ક્ષમતા અને ફીટ આરોગ્ય નવાં પ્રોજેક્ટને સફળ કરવામાં મદદરૂપ બને. ચાલુ વીક આત્મવિશ્વાસ અને કાર્યકુશલતા પૂર્ણ રહેશે. નવા અવસર મળે. પરિવારમાં વાણી અને ગુસ્સાથી બચવું. આર્થિક પ્રગતિ થાય. ઉઘરાણી આવી શકે છે. મોજ-શોખ, ખાણી-પીણીના ધંધામાં આવક વધશે. ઉચ્ચ કક્ષાના લોકોને મળવાનું બને. ઘર-સમજ- પરિવારનાં કામમાં વ્યસ્ત રહેવાનું બને. પ્રેમમાં સાથ મળે.

**મકર (ખ,જ):-** સપ્તાહ દરમિયાન આર્થિક બાબતે પ્લાનિંગથી ખર્ચા કરવા અને આરોગ્યનું ધ્યાન રાખવું. ગુપ્તભય સતાવે. સંતાનોના કામની ચિંતા રહે. વિદેશથી શુભ સમાચાર મળે. ધાર્મિક પ્રવાસ થાય. નોકરીમાં નવી જવાબદારી વધે. ધંધામાં નવું સાહસ પાર પડે. ખાણી-પીણીના ધંધામાં આવક વધે. દલાલી, મિડીયા, શિક્ષણ પ્રવાસ વગેરેને લગતા કામ સફળ બને. આવક વધવાથી ઉત્સાહ

**કુંભ (ગ,સ,શ,ષ):-** સપ્તાહ મહેનત અને સકારાત્મક વિચારોથી સફળતા આપનાર રહેશે. આવક વધારવાની યોજના પાર પડે. મિત્રો સાથે નવી વ્યવસાયની યોજના બને. પ્રેમમાં સમજદારી વધે. અભ્યાસમાં નવું શીખવા મળે. શેર બજારમાં નવા રોકાણ થાય. વિદેશ પ્રવાસના કામમાં પ્રગતિ થાય. શત્રુઓની પીછે હઠ થાય. આરોગ્ય સુધરે નવા સામાજીક સંબંધથી માન વધે. નોકરીમાં પ્રમોશન થાય. મિલન-મુલાકાત થાય.

**મીન (દ,ચ,ઝ,થ):-** ચાલુ વીકમાં વડીલો મિત્રો વગેરેની મદદથી પસંદગીના કામની શરૂઆત થાય. વેપારનો વિસ્તાર કરવાની યોજનામાં પ્રગતિ થાય. નોકરીમાં ઊપરી વર્ગનો સાથ મળે. પ્રમોશન થાય. જાહેર જીવનમાં યસ મળે. મોજશોખના ધંધમાં આવક વધે. નવા આર્થિક રોકાણ થાય. આર્થિક પ્રગતિની તક મળે. પ્રેમ વિવાહનો પ્રસ્તાવ આવે. વિદ્યાર્થીઓની પરીક્ષા હકારાત્મક રહે. વિદેશનો કામ થાય. દાંપત્યમાં તાલમેળ રહે. આવક વધે.

# યોગી આદિત્ય નાથ - પૂર્વ જન્મના કર્મનું ફળનું નિદેર્શન

## હાલમાં યોગી આદિત્યનાથને સાડા સાતીનો ત્રીજો ઉતરતો તબક્કો ચાલે છે



કોઈ પણ જાતકની કુંડલીનો આઠમોભાવ ત્યાં રહેલ રાશિ અને ગ્રહ વગેરે જાતકના પુનર્જન્મનું નિર્દેશન કરે છે અને આઠમાં ભાવના સ્વામીનો સંબંધ જો રાહુ-કેતુ સૂર્ય-મંગળ અને બુધ સાથે થતો હોય તો એવા જાતકને કોઈ સંત મહાત્મા કે ઉચ્ચ કોટીના પવિત્ર હસ્તીના આશીર્વાદથી જીવનમાં અમુલ પરિવર્તન આવે છે. યોગી આદિત્યનાથનો જન્મ ગુરુની મહાદશામાં થયો છે તેમનો ગુરુ આઠમાનો માલિક થઈને પાંચમે મૂળ નક્ષત્રમાં પોતાના સ્વરાત્રિમાં બળવાન બને છે. પાંચમું સ્થાન પૂર્વ જન્મના કર્મ ભોગવવાનું નિર્દેશન કરે છે. તેમની કુંડલીમાં લગ્નેશ સૂર્ય, સપ્તમેશ શનિ અને લાભેશ બુધની કર્મ સ્થાનમાં રાજયોગ કરતી યુતિ છે અને લાભ સ્થાનમાં રહેલ મંગળ-શુક્રનો પ્રતિયુતિ ગુરુ સાથે થાય છે. ચલિતમાં રાહુ-કેતુનો યોગ ગુરુ-મંગળ શુક્ર સાથે થાય છે અને બુધ- શુક્રના પરિવર્તન યોગના કારણે આ તમામે તમામ ગ્રહો આઠમાના માલિક ગુરુના સંપર્કમાં આવતા હોવાથી કોઈના આશિર્વાદના શુભ ફળનું નિર્દેશન કરે છે. માટે જ એક મઠના પુજારી કે ગાદિપતિ, દેશના સૌથી વિશાળ અને શક્તિશાળી રાજ્યના સિંહાસન પર આરૂઢ થઈને દેશની રાજનીતિમાં હાહાકાર મચાવ્યો.

આની શરૂઆત 1998માં પ્રથમ વખત સંસદમાં નાની ઉંમરે પ્રવેશવામાં મદદ કરનાર સાતમાના માલિક શનિની મહાદશામાં આઠમાં જે પૂર્નજન્મના સ્વામી ગુરુ જે પૂર્વજન્મના કર્મનું ફળ આપનાર ગુરુની અંતરદશામાં કોઈના આશિર્વાદથી શક્ય બન્યુ. માર્ચ 2017માં ઉત્તર પ્રદેશના મુખ્ય મંત્રી બન્યા ત્યારે ફેબ્રુઆરી 2017 થી ફેબ્રુઆરી 2024 સુધીની કેતુની મહાદશા હતી. રાહુ અને કેતુ પુર્નજન્મ અને પૂર્વજન્મના કર્મનું ફળ આપનાર ગ્રહો છે. તથા કોઈ આશીર્વાદથી સિદ્ધિ આપનાર છે. રાહુ અને કેતુને વૈદિક જ્યોતિષમાં અશુભ અને પાપ ગ્રહો માનવામાં આવે છે. પરંતુ આ બંને ગ્રહો પવિત્રતા, નૈતિકતા ધર્મ પરાપણતા, માનવતા, ચારિત્ર્ય અને ન્યાય શિષ્ટ સાથે સંબંધ ધરાવે છે. જ્યાં સુધી જાતક પોતાના માનવધર્મને અનુસરે છે ત્યાં સુધી આ છાયા ગ્રહોના આશિર્વાદ મળતા રહે છે અને કોઈ દિવ્ય આત્મના આશીર્વાદ પણ ત્યાં સુધી જ સાથે રહે છે કારણકે જાતકના વર્તમાન જીવનના કર્મો કર્મફળને દિશા આપતા હોવાથી ઉચ્ચ પદ પર બિરાજમાન જાતકને તમામ પ્રકારના લોકોની શુભ કામના અને ધિક્કાર મળતા રહે છે જો ધિક્કારનું કે નકારાત્મકતાનું પ્રમાણ વધવા માંડે ત્યારે ન્યાયના દેવ-રાહુ-કેતુની સાથે શનિનો પ્રકોપ વધવા માંડે છે. હાલમાં યોગી આદિત્યનાથને સાડા સાતીનો ત્રીજો ઉતરતો તબક્કો ચાલે છે. જે ફેબ્રુઆરી 2028 સુધીનો છે. તેમનો શનિ માર્કેશ થઈને સૂર્ય-બુધ સાથે સત્તા સ્થાનમાં અસ્તનો છે. સામાન્ય રીતે સિંહ લગ્નમાં શનિનું શુભ ફળ મળતું નથી ઉપરાંત સૂર્ય-શનિની યુતિ જાતકને સર્વોત્તમ સ્થાન પર લઈ જાય છે અને અચાનક પતન કરે છે. ગોચરના શનિની દૃષ્ટિ જન્મના સૂર્ય પર પડે છે. જે અચાનક અણધાર્યા પરિવર્તનનો સંકેત આપે છે. ગોચરનો રાહુ સાતમાં ભાવ જે જાહેર જનતાનું છે ત્યાંથી પસાર થાય છે જે જનતામાં ભ્રમ ફેલાવે તેમજ લોકોની સામે વાસ્તવિકતા લાવીને ખુલ્લા પાડી દે છે. ખાસ કરીને ધર્મ-ન્યાય, સામાન્ય લોકોને લગતી બાબતો સાથે અન્યાય થાય તો તેના પરિણામ ભયાનક આવતા હોય છે. 1981થી 2000 સુધી શનિની મહાદશા હતી. શનિ માર્કેશ છે તેમજ માતાના કારકચંદ્ર પર દસમી દૃષ્ટી અને પિતાના કારક સૂર્ય સાથે યુતિના કારણે માતા-પિતા પરિવારની વિયોગના યોગ કરે છે તેમજ કઠોર જીવન જીવવા મજબૂર કરે છે. તેમજ નાની -ઉંમરે મોટી જવાબદારીના બોજ નીચે લાવીને શિસ્તબદ્ધ જીવન જીવવા પ્રેરીત કરે છે અને જીવનની મહત્ત્વની જરૂરીયાતથી વંચીત રાખે છે. અથવા અમુક સુખના અભાવ કે પછી ફરજીયાત સંયમ પૂર્ણ અને મર્યાદિત સગવડ સાથે જીવવું પડે. મોટાભાગે કર્મસ્થાનના સૂર્ય-શનિવાળા જાતકો જીવનમાં એક વખત સર્વોચ્ચ સ્થાન પર જાય છે અને પતન પણ થાય છે. સર્વોચ્ચ સ્થાન પર લઈ જનાર રાજયોગ બંને કેન્દ્રના માલિક સૂર્ય-શનિની યુતિ છે. પણ પતન ક્યારે થાય? ક્યા પરીબળો કે ગ્રહોની સ્થિતિ જાતકને પતન તરફ લઈ જાય? હાલમાં યોગીજીની કુંડલીમાં નિષ્ફળતાના યોગ ચાલે છે.

તેમની કુંડલીમાં ત્રીજાનો સ્વામી શુક્ર જે સિંહ લગ્નમાં અકારક કે મારક બને છે તેની મહાદશા ચાલે છે ભાગ્યના માલિક મંગળ સાથે શુક્રની યુતિ, પ્રથમ દૃષ્ટિએ રાજયોગ કે શુભફળ દાતા દેખાય છે. પણ તે સંસારી કે વેપાર ઉદ્યોગ- અથવા કોઈ મોટી કંપનીના માલિક માટે રાજયોગ બને પણ એક સન્યાસી માટે તે રાજયોગ-સજાનારૂપમાં ફેરવાઈ જાય છે. ભાગ્ય સ્થાન ધર્મ-અધ્યાત્મ અને ભાગ્યનું છે. મંગળ-શુક્રની યુતિને શુભ માનવામાં આવતી નથી. આ રીતની યુતિવાળા જાતકો ધર્મ-પ્રમાણિકતા, અધ્યાત્મ, પવિત્રતા, પરોપકારીક્તા કે કુદરતના નિયમોમાં રહી શકતા નથી. યોગીજી એક સન્નાસી છે. તેમનાથી ધર્મ બાબતે કોઈ ભૂલ થાય તો માફી મળે નહી. શુક્ર એટલે સાક્ષાતા દેવી ભાગતવી તે મંગળ સાથે અશુ બને છે. શુક્રને સંબંધ આઠ અને પાંચ, પૂર્નજન્મ અને પૂર્વ જન્મના સ્વામી ગુરુ સાથે છે. જે દેવી આશિર્વાદને હણવામાના યોગ કરે છે. તે પછી જુન 2028 સૂર્ય-શુક્રમાં સૂર્યનો અંતર દશા પણ શુભ નથી. માર્ચ 2027માં આવનાર ચૂંટણી આજ ગ્રહયોગમાં થશે. તેનનો શુક્ર વક્રી છે. અને ગુરુ પણ વક્રી છે. વક્રી ગ્રહ ભૂતકાળની ભુલનું ફળ પ્રબળ રીતે આપતા હોય છે એ જોતા યોગીજી ત્રીજી વાર યુપીના સીએમ બની શકે તેમ નથી. જોકે તેમની કુંડલી સાચી છે કે નહી તે પાકુ નથી પણ ચંદ્ર કુંડલી પ્રમાણે તેમનો સમય પ્રતિકુળ ચાલે છે.

**રાહુ અને કેતુને વૈદિક જ્યોતિષમાં અશુભ અને પાપ ગ્રહો માનવામાં આવે છે. પરંતુ આ બંને ગ્રહો પવિત્રતા, નૈતિકતા ધર્મ પરાપણતા, માનવતા, ચારિત્ર્ય અને ન્યાય શિષ્ટ સાથે સંબંધ ધરાવે છે**

# દક્ષિણ ગુજરાતમાં સીઝનનો 113% વરસાદ

## ચોમાસું વિદાયની વાટ પર,સરેરાશ 88 ટકા વરસાદ



ગાંધીનગર : ગુજરાતમાં ચોમાસાની વિદાયના એંધાણ વચ્ચે પણ મેઘરાજાની મહેર યથાવત્ રહી છે. ચાલુ ચોમાસામાં રાજ્યમાં અત્યાર સુધીમાં સરેરાશ 88 ટકા એટલે કે 799.81 મિમી વરસાદ નોંધાયો છે. તેમાં દક્ષિણ ગુજરાત 113.71 ટકા વરસાદ સાથે સમગ્ર રાજ્યમાં મોખરે રહ્યું છે. બીજી તરફ રવિવારે સાંજ સુધીમાં રાજ્યના અનેક વિસ્તારોમાં વરસાદી ઝાપટાં પડ્યાં હતા, જેમાં ભાવનગરના મહુવામાં સૌથી વધુ 4.13 ઈંચ, ગોંડલમાં 3.43 ઈંચ અને જૂનાગઢમાં 2.20 ઈંચ વરસાદ નોંધાયો હતો.

રવિવારે સાંજે છ વાગ્યા સુધીમાં રાજ્યના આશરે 73 તાલુકામાં વરસાદ નોંધાયો હતો. મહુવા 4.13 ઈંચ, ગોંડલ 3.43 ઈંચ, જૂનાગઢ અને જૂનાગઢ શહેરમાં 2.20 ઈંચ, માણાવદરમાં 2.17 ઈંચ, પાટણ-વેરાવળમાં 2 ઈંચ, વંથલીમાં 1.77 ઈંચ, કુંકાવાવ-વડિયામાં 1.73 ઈંચ, કેશોદમાં 1.69 ઈંચ, સુરત શહેરમાં 1.54 ઈંચ, જાફરાબાદમાં 1.38 ઈંચ અને જસદણમાં 1.22 ઈંચ વરસાદ નોંધાયો હતો. રાજ્યના 16 તાલુકામાં 1થી 4 ઈંચ સુધીનો વરસાદ થયો હતો.

હવામાન વિભાગના તાજેતરના અનુમાન મુજબ હવે ગુજરાતમાં ચોમાસું ધીમે ધીમે વિદાય તરફ આગળ વધી રહ્યું છે. આગામી બેથી ત્રણ દિવસમાં સૌરાષ્ટ્ર અને કચ્છના કેટલાક ભાગોમાંથી નૈઋત્યનું ચોમાસું પરત ખેંચાવાની શક્યતા છે. જોકે, ચોમાસાની વિદાયના એંધાણ વચ્ચે પણ રાજ્યમાં આગામી સાત દિવસ દરમિયાન વિવિધ વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદી ઝાપટાં પડવાની શક્યતા છે.

આગામી બે દિવસમાં ખાસ કરીને ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં મેઘગર્જના સાથે વરસાદ અને 30થી 40 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા છે. 22થી 24 સપ્ટેમ્બર દરમિયાન ભારે વરસાદની કોઈ ખાસ ચેતવણી નથી, જ્યારે 24થી 27 સપ્ટેમ્બર દરમિયાન ઉત્તર અને દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં છૂટાછવાયા હળવા વરસાદની શક્યતા છે.

સૌરાષ્ટ્ર-કચ્છના મોટાભાગના વિસ્તારોમાં આ સમયગાળા દરમિયાન હવામાન સૂકું રહેવાની આગાહી છે. દરમિયાન, આ ચોમાસામાં ભારે વરસાદ અને પૂરથી અસરગ્રસ્ત વિસ્તારોમાંથી અત્યાર સુધીમાં 85,456 લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે અને 9,822 લોકોનું રેસ્ક્યૂ કરવામાં આવ્યું છે. આપત્તિની સ્થિતિને પહોંચી વળવા રાજ્યમાં NDRFની 9 ટીમ અને SDRFની 29 પ્લાટૂન તૈનાત રાખવામાં આવી છે.

### રાજ્યના ડેમોની સ્થિતિ

- » સરદાર સરોવર ડેમ 97.03 ટકા ભરાઇ ગયો છે
- » 206 જળાશયોમાં કુલ સંગ્રહ ક્ષમતા સામે 71.04 ટકા પાણીનો સંગ્રહ થયો છે.
- » રાજ્યના 31 ડેમ 100 ટકા ભરાઇ ગયા છે
- » 46 ડેમ હાઇ એલર્ટ, 11 એલર્ટ અને 11 ડેમ વોર્નિંગ પર મુકાયા છે

### રાજ્યનો વરસાદ

| ઝોન | વરસાદ |
|---|---|
| દક્ષિણ ગુજરાત | 113.71 ટકા |
| પૂર્વ-મધ્ય ગુજરાત | 89.10 ટકા |
| ઉત્તર ગુજરાત | 70.81 ટકા |
| સૌરાષ્ટ્ર | 68.07 ટકા |
| કચ્છ | 285.70 મિમી |

# ઓલપાડના બોલાવ ગામમાં માતાએ મોબાઈલ ન આપતા 16 વર્ષના પુત્રએ જીવન ટૂંકાવ્યું

કીમ: ઓલપાડ તાલુકાના બોલાવ ગામમાં એક હૃદયદ્રાવક ઘટના બની છે. મોબાઈલ ફોન પર પ્રતિબંધ કે નારાજગીના કારણે ૧૬ વર્ષના એક કિશોરે ઘરમાં ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવી લેતા પરિવારમાં શોક છવાયો છે. પોલીસ વિગતો મુજબ, બોલાવ ગામની સુખ સાનિધ્ય સોસાયટીમાં રહેતો ૧૬ વર્ષીય નૈતિકસિંહ મદનસિંહ રાજપૂત માતાનો મોબાઈલ ફોન વાપરી રહ્યો હતો. માતાને નોકરી પર જવાનું હોવાથી તેમણે ફોન પાછો લઈ લીધો હતો અને પિતા ઘરે આવે ત્યારે તેમનો ફોન જોવા કહ્યું હતું. મોબાઈલ પાછો લઈ લેવાતા માઠું લાગવાથી નૈતિકે ઘરમાં પંખા સાથે દોરી બાંધી આપઘાત કર્યો હતો. પરિવારજનો તેને તરત કીમની સાધના હોસ્પિટલ લઈ ગયા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. આ બનાવ અંગે કીમ પોલીસ મથકે અકસ્માત મોતની નોંધ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# રસ્તા-પુલના ટેન્ડર ૫૧થી ૬૬ દિવસમાં મંજૂર કરવા પડશે

## ટેન્ડર મંજૂરીની પ્રક્રિયામાં વિલંબ થાય તો અધિકારીની જવાબદારી

ગાંધીનગર : રાજ્યમાં રસ્તા, પુલ અને સરકારી મકાનો સહિતના બાંધકામ કામોને ઝડપી ગતિ આપવા ટેન્ડર મંજૂરીની પ્રક્રિયામાં હવે સમયમર્યાદા બાંધવામાં આવી છે. ટેન્ડર મંજૂરીની સમગ્ર પ્રક્રિયા મહત્તમ ૫૧થી ૬૬ દિવસમાં પૂર્ણ કરવી ફરજિયાત કરવામાં આવી છે. અત્યાર સુધી સામાન્ય રીતે ૧૨૦ દિવસનો સમયગાળો ધ્યાને લેવાતો હતો. જે ટેન્ડરમાં ઈજારદારોની પૂર્વપાત્રતાની જોગવાઈ નથી અને માત્ર નાણાકીય બીડ હોય છે, તેમાં ક્ષેત્રીય કચેરીથી સચિવાલય અને નાણા વિભાગ સુધીની સમગ્ર પ્રક્રિયા વધુમાં વધુ ૫૧ દિવસમાં પૂર્ણ કરવાની રહેશે. જ્યારે ટેકનિકલ અને નાણાકીય એમ બે બીડ ધરાવતા તથા પૂર્વપાત્રતાની જોગવાઈવાળા ટેન્ડરોમાં તમામ સ્તરની ચકાસણી સહિતની પ્રક્રિયા મહત્તમ ૬૬ દિવસમાં પૂર્ણ કરવાની રહેશે. નિયમ મુજબ બહોળી પ્રસિદ્ધિ બાદ એકથી વધુ ટેન્ડર મળ્યા હોય તેવા કિસ્સામાં અનિવાર્ય સંજોગો સિવાય વાટાઘાટો નહીં કરવાની રહેશે. વાટાઘાટો અનિવાર્ય બને તો તે પણ માત્ર એક જ સ્તરે સક્ષમ સત્તાધિકારીની કક્ષાએ પૂર્ણ કરવાની રહેશે. નિર્ધારિત સમયમર્યાદામાં દરખાસ્તનો નિકાલ નહીં થાય તો વિલંબના કારણોની નોંધ કરી સંબંધિત અધિકારીની જવાબદારી નક્કી કરવામાં આવશે. જ્યારે અધૂરી દરખાસ્તને કારણે વિલંબ થાય તો તેની સંપૂર્ણ જવાબદારી દરખાસ્ત રજૂ કરનાર કક્ષાની રહેશે. આ નિર્ણયથી માર્ગ-પુલ સહિતના પાયાના માળખાકીય પ્રોજેક્ટની મંજૂરી પ્રક્રિયા ઝડપી બનવાની સાથે વહીવટી વિલંબ પર અંકુશ આવશે અને કામો સમયસર શરૂ થતાં પ્રજાજનોને જાહેર સુવિધાઓનો લાભ વહેલો મળી શકશે.

## અનુસંધાન... પાના પહેલાનું

### નેપાળમાં પૂર...

ભારે તારાજી સર્જી હતી. હિમાલયી સરહદી ક્ષેત્રમાંથી દક્ષિણ તરફ વહેતી ભોટેકોશી નદી પૂરના પાણીને નીચાણવાળા પ્રવાહ તરફ લઈ ગઈ હતી, જેનાથી ઘરો, વાહનો, રસ્તાઓ અને પુલો તણાઈ ગયાં હતાં અને હાઈડ્રોપાવર પ્રોજેક્ટ્સને નુકસાન થયું હતું.

ચીની મીડિયા અનુસાર, આ પૂરે ચીનમાં પણ ૪૩ લોકોના ભોગ લીધા હતા, જ્યાં ૫૦૦થી વધુ લોકો હજી પણ ગુમ છે.

પોલીસના નિવેદનમાં જણાવ્યા અનુસાર, નેપાળના ચિતવન જિલ્લામાંથી ૩૬૭ શબ મળી આવ્યા હતા; રસુઆમાંથી ૨૩૬ શબ; નવલપરાસી પૂર્વમાંથી ૨૩૨ અને નવલપરાસી પશ્ચિમમાંથી ૨૨૨ શબ મળી આવ્યા હતા.

તે જ પ્રમાણે, નુવાકોટમાંથી ૨૦૩ શબ, ગોરખામાંથી ૭૯ શબ, ધાડીંગમાંથી ૭૨ શબ અને તનાહુમાંથી ૩૮ શબ મળી આવ્યા હતા.

સારવાર દરમિયાન કાઠમંડુની હોસ્પિટલોમાં પૂરના બે પીડિતોનાં પણ મોત થયાં હતાં.

અત્યાર સુધીમાં દેશભરમાંથી પૂરથી પ્રભાવિત ૧૩,૭૮૪ લોકોને બચાવી લેવામાં આવ્યા છે.

નેપાળ પોલીસે અંદાજ લગાવ્યો છે કે, પૂર પછી હજી પણ આશરે ૬,૦૦૦ લોકો ગુમ છે.

### અડવાણી, જયશંકર,...

અધિકારીએ જણાવ્યું હતું કે, આ નોટિસો મતદાતાઓ દ્વારા તેમના ગણતરી ફોર્મમાં આપેલી વિગતોમાં "તાર્કિક વિસંગતતાઓ"ના કારણે પાઠવવામાં આવી છે. જે ૩૩.૧૩ લાખ મતદાતાઓને નોટિસ આપવામાં આવી છે તે યાદીમાં અડવાણી અને સિસોદિયાના નામ હોવાની પુષ્ટિ કરતાં તેમણે કહ્યું, "આવા મતદાતાઓ દ્વારા રજૂ કરવામાં આવનારા તથ્યો અને દસ્તાવેજોની યોગ્ય ચકાસણી પ્રક્રિયા પછી જ તેમના નામ આખરી મતદાર યાદીમાં ઉમેરવામાં આવશે." તેમણે ઉમેર્યું હતું કે, તથ્યો અને દસ્તાવેજોની ચકાસણીની પ્રક્રિયા હાલ ચાલુ છે અને તે મુજબ એન્ટ્રીઓની માન્યતા ચકાસવામાં આવી રહી છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તા, આપ (AAP) સુપ્રીમો અર્વિંદ કેજરીવાલ અને પૂર્વ કેન્દ્રીય મંત્રી કપિલ સિબ્બલને પણ આવા જ કારણોસર નોટિસ પાઠવવામાં આવી છે. ગુપ્તાની એન્ટ્રી દસ્તાવેજોની ચકાસણી બાદ માન્ય કરવામાં આવી હતી, અને તેમનું નામ ૪ નવેમ્બરે પ્રકાશિત થનારી શાલિમાર બાગ મતવિસ્તારની અંતિમ મતદાર યાદીમાં સમાવેશ કરવા માટે રાખવામાં આવ્યું છે. દિલ્હી CEO કાર્યાલયે જણાવ્યું છે કે એવા મતદાતાઓને નોટિસ આપવામાં આવી રહી છે જેમના નામ છેલ્લી SIRની મતદાર યાદી સાથે લિંક થઈ શક્યા નથી અથવા જેમના વિવરણમાં અગાઉની યાદી સાથે લિંક કરતી વખતે વિસંગતતાઓ જોવા મળી હતી.

### AIના વિકાસની ઝડપ...

સ્થાપક અને અધ્યક્ષ ડેમિસ હસાબિસે અમોદઈના પ્રસ્તાવોના સમર્થનમાં સાર્વજનિકપણે પ્રતિક્રિયા આપી હતી.

વાદીઓ દ્વારા દલીલ કરવામાં આવી છે કે, "એઆઈ ક્ષેત્રના મુખ્ય હરીફો વચ્ચે એક એવો કરાર થવો કે તેમની પ્રગતિ 'સ્પર્ધા દ્વારા થતી પ્રગતિ ધીમી હોવી જોઈએ' તે ગ્રાહકો પર સ્પર્ધા વિરોધી અસર કરે છે."

### આવતીકાલે ગુજરાતના...

શહેરોમાં યોજવાનો નિર્ણય લેવાયો છે અને આ નવી પહેલની શરૂઆત એકતાનગરથી થઈ રહી છે.

૧૯૫૪માં સ્થાપિત નેશનલ ફિલ્મ એવોર્ડ્સ ભારતીય સિનેમામાં ઉત્કૃષ્ટતા માટે દેશના પ્રતિષ્ઠિત સન્માનોમાં સ્થાન ધરાવે છે. સાત દાયકાની આ યાત્રામાં ફીચર ફિલ્મ, નોન-ફીચર ફિલ્મ અને સિનેમા પરના લેખન સહિતના ક્ષેત્રોમાં સર્જનાત્મક તથા તકનીકી સિદ્ધિઓને સન્માનિત કરવામાં આવી છે. એકતાનગરમાં યોજાનારો આ સમારોહ દેશની ભાષાકીય, સાંસ્કૃતિક અને પ્રાદેશિક વિવિધતાને એક મંચ પર લાવવાની સાથે 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ની ભાવનાને પણ ઉજાગર કરશે. ૭૨મા નેશનલ ફિલ્મ એવોર્ડ્સમાં 'આર્ટિકલ ૩૭૦'ને શ્રેષ્ઠ ફીચર ફિલ્મ તરીકે સન્માનિત કરવામાં આવશે. આ જ ફિલ્મ માટે યામી ગૌતમને શ્રેષ્ઠ અભિનેત્રીનો પુરસ્કાર મળશે. 'બ્રહ્મયુગમ' માટે મમૂટી અને 'ચંદુ ચેમ્પિયન' માટે કાર્તિક આર્યનને સંયુક્ત રીતે શ્રેષ્ઠ અભિનેતાનો એવોર્ડ એનાયત થશે, જ્યારે 'સ્વાતંત્ર્ય વીર સાવરકર' માટે રણદીપ હૂડાને શ્રેષ્ઠ ડેબ્યૂ દિગ્દર્શકનો પુરસ્કાર મળશે.

'ભંગાર'ને શ્રેષ્ઠ નોન-ફીચર ફિલ્મ અને 'રામ-નામી'ને શ્રેષ્ઠ ડોક્યુમેન્ટરીનો પુરસ્કાર મળશે. 'કલ્કિ ૨૮૯૮ એડી', 'અમરન', 'પુષ્પાઃ ધ રૂલ પાર્ટ-૦૨', 'ભૂલ ભુલૈયા ૩' અને 'સ્ત્રી ૨' સહિતની ફિલ્મોને પણ વિવિધ કેટેગરીમાં સન્માન મળવાનું છે. આ વખતે નેશનલ ફિલ્મ એવોર્ડ્સના નોન-ફીચર વિભાગમાં પ્રથમ વખત સંથાલી ફિલ્મને પણ સન્માન મળશે. મરાઠી, સંથાલી, તમિલ, મલયાલમ, તેલુગુ, કન્નડ, તુલુ અને ગઢવાલી સહિત વિવિધ ભાષાઓની ફિલ્મો અને સર્જકોને પણ માન્યતા આપવામાં આવી છે. સિનેમા પરના લેખન ક્ષેત્રે સંજીવ શ્રીવાસ્તવને શ્રેષ્ઠ ફિલ્મ વિવેચકનો પુરસ્કાર જાહેર થયો છે, જ્યારે કન્નડ સિનેમાના તત્ત્વજ્ઞાન અને રાજકારણ પરના પુસ્તકને શ્રેષ્ઠ પુસ્તકનો એવોર્ડ મળશે. આ ઉપરાંત 'સ્ટેચ્યુ ઓફ યુનિટી-એકતા કા પ્રતીક'ને નોન-ફીચર દિગ્દર્શન શ્રેણીમાં પુરસ્કાર મળ્યો છે, જે એકતાનગરમાં યોજાનારા સમારોહને ગુજરાત માટે વધુ વિશેષ બનાવે છે.

આમ, સરદાર પટેલની એકતા અને અખંડિતતાના પ્રતીક સમાન સ્ટેચ્યુ ઓફ યુનિટીની સાક્ષીએ ભારતીય સિનેમાની વિવિધ ભાષા, સંસ્કૃતિ અને સર્જનાત્મકતાનું રાષ્ટ્રીય સન્માન થશે. એકતાનગરમાં માત્ર પુરસ્કાર વિતરણ નહીં, પરંતુ ભારતીય સિનેમાની સાત દાયકાની સમૃદ્ધ પરંપરા અને તેની વૈવિધ્યસભર સર્જનશક્તિની રાષ્ટ્રીય ઉજવણી થશે.

### રાષ્ટ્રપતિ મુર્મુ આજથી...

નિવેદનમાં જણાવાયું છે કે, રાષ્ટ્રપતિ મુર્મુ આ પ્રસંગે નડિયાદની બ્રહ્માકુમારીઝના અભિયાન 'યુથ ફોર વિકસિત ભારતઃ અવેકનિંગ ઇનર સ્ટ્રેન્થ ફોર નેશન બિલ્ડિંગ' (વિકસિત ભારત માટે યુવાઃ રાષ્ટ્ર નિર્માણ માટે આંતરિક શક્તિની જાગૃતિ)નો પણ વર્ચ્યુઅલ રીતે પ્રારંભ કરશે.

### મુંબઇમાં બેકાબૂ...

ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો છે.

આ ઘટના દક્ષિણ મુંબઈમાં કોસ્ટલ રોડ પર લાલા લજપતરાય કોલેજની સામે, લોટસ જેટી નજીક વહેલી સવારે 5:20 વાગ્યે બની હતી. પોલીસ અને કંટ્રોલ રૂમના જણાવ્યા અનુસાર, કાર અત્યંત પૂરઝડપે દોડી રહી હતી. લોટસ જેટી નજીક એક તીવ્ર વળાંક પર સ્પીડ વધુ હોવાને કારણે ડ્રાઇવરે કાર પરનો કાબૂ ગુમાવ્યો હતો. કાર બ્રિજની રેલિંગ અને ડાયરેક્શન બોર્ડ તોડીને સીધી નીચે નિર્માણ હેઠળના પાર્કિંગ વિસ્તારમાં 75 ફૂટ નીચે ફૂટબોલની જેમ ઉછળીને ખાબકી હતી. કારમાં સવાર ચારેય યુવકો મૂળ અમદાવાદના હતા અને મુંબઈની કોલેજમાં અભ્યાસ કરતા હતા. આ અકસ્માતમાં 21 વર્ષીય કાર હંકારનાર શનય ગજ્જર, 17 વર્ષીય ધૈર્ય શેઠ, 19 વર્ષીય આદિત્ય જકાસણિયા, ત્રણેયના ઘટનાસ્થળે મોત થયાં હતાં, જ્યારે 23 વર્ષીય આદિત્ય ઓસવ ગંભીર રીતે ઈજાગ્રસ્ત છે, હાલ મુંબઈની નાયર હોસ્પિટલના ટ્રોમા વોર્ડમાં વેન્ટિલેટર પર જિંદગી અને મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યો છે. અકસ્માતની ભયાનકતાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે, અને અકસ્માતનો લાઇવ વીડિયો ખૂબ વાયરલ થયો હતો. આ અકસ્માત વહેલી સવારે થયો હોવાથી રસ્તા પર અવર જવર ઓછી હતી, નહીંતર જાનહાનિ મોટી થઇ હોત એવી પુરી શક્યતા હતી.

# અંકલેશ્વરના સારંગપુર નજીક બે યુવાનોનાં શંકાસ્પદ મોતથી ચકચાર

## થાક ઉતારવા માટે ઇન્જેક્શન લીધા બાદ કાર્ડિયાક અરેસ્ટ આવ્યાનું પ્રાથમિક અનુમાન

## પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ જ મૃત્યુનું સાચું કારણ સ્પષ્ટ થશે



ભરૂચ, અંકલેશ્વર : અંકલેશ્વરના સાળંગપુર નજીક બે યુવાનોના શંકાસ્પદ મોતનો મામલો સામે આવ્યો છે. પેઈન કિલરના ઈન્જેક્શન લીધા બાદ ઓવરડોઝના કારણે મોત નીપજ્યા હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે

અંકલેશ્વરના સારંગપુર વિસ્તારમાં બે યુવાનોના શંકાસ્પદ મોતનો મામલો સામે આવતા ચકચાર મચી છે. ઘટનામાં એક અન્ય યુવાનની હાલ સારવાર ચાલી રહી છે. મૃતકોની ઓળખ ફરમાન અલી, (ઉંમર 24, રહે. જીતાલી) અને રાહુલ સિંગ, (ઉંમર 25, રહે. જીતાલી) તરીકે થઈ છે. પ્રાથમિક માહિતી મુજબ, ત્રણેય યુવાનોએ થાક ઉતારવાના ઈરાદે પેઈન કિલરનું સેવન કર્યું હોવાની આશંકા છે.

પેઈન કિલરનો ઓવરડોઝ થઈ જતાં તેની આડઅસરના કારણે કાર્ડિયાક અરેસ્ટ આવતા બે યુવાનોના મોત થયા હોવાનું પ્રાથમિક અનુમાન છે. ઘટનામાં એક યુવાનની તબિયત લથડતા તેને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તેની સારવાર ચાલી રહી છે. જોકે, બંને યુવાનોના મોતનું ચોક્કસ કારણ હજુ સ્પષ્ટ થયું નથી.

પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ જ મૃત્યુનું સાચું કારણ સ્પષ્ટ થશે. સમગ્ર મામલે પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે. તપાસ બાદ ઘટનાની વધુ હકીકતો સામે આવે તેવી શક્યતા છે.

# બારડોલીના ઈસરોલીમાંથી ૮૮ લાખનો દારૂ ઝડપાયો

## સુરત એલસીબીએ પંજાબથી મોરબી જતી ટ્રક ઝડપી પાડી

પલસાણા : સુરત ગ્રામ્ય એલ.સી. બી. પોલીસે પંજાબથી ગુજરાતમાં વિદેશી દારૂ સપ્લાય કરતા આંતરરાજ્ય નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. નેશનલ હાઈવે નંબર ૫૩ ઉપરથી એક ટ્રકમાં છુપાવીને લઈ જવાતો વિદેશી દારૂનો જથ્થો અને અન્ય મુદ્દામાલ મળીને કુલ રૂપિયા ૧,૦૩,૮૨,૯૫૬ ની કિંમતના સામાન સાથે બે આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા છે.

પોલીસને ખાનગી બાતમી મળી હતી કે એક ટાટા ટ્રક (MP-09-BK-9775) ધુલિયા તરફથી વિદેશી દારૂ ભરીને નવાપુર, વ્યારા, બારડોલી અને એના એક્સપ્રેસ હાઇવે થઈને અમદાવાદ તરફ જવાની છે. જેના આધારે બારડોલી તાલુકાના ઈસરોલી ગામની હદમાં પોલીસે નાકાબંધી ગોઠવી હતી. બાતમીવાળી ટ્રક આવતા તેને રોકીને તપાસ કરતા તેમાંથી મોટી માત્રામાં વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પકડાયેલા ડ્રાઈવર અને ક્લીનરની પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે આ દારૂ પંજાબથી ભરાયો હતો અને તેને ગુજરાતના મોરબી સુધી પહોંચાડવાનો હતો.

